# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ                                                                                                   તા. ૨૪.૧૦.૨૦૧૮

**યુવા મોરચાનું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૬-૨૭ ઑક્ટોબરના રોજ હૈદરાબાદ-તેલંગાણા ખાતે યોજાશે.**

**ગુજરાતમાંથી ૩,૫૦૦થી વધારે અપેક્ષિત યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.**

**શ્રી જીતુભાઈ વાઘાણી તા. ૨૫ ઑક્ટોબરના રોજ બપોરે સાબરમતી ખાતેથી ટ્રેનની લીલી ઝંડી આપશે.**

-----------------------------------

પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજભાઈ પટેલે આજરોજ શ્રી કમલમ્ ખાતે મીડીયાને સંબોધતા જણાવ્યું હતું કે, આગામી તા. ૨૬-૨૭ ઑક્ટોબરના રોજ હૈદરાબાદ-તેલંગાણા ખાતે યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી પૂનમ મહાજનની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે. જેમાં માન. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહેશે. આ અધિવેશનમાં કેન્દ્રીય નેતાઓ સમગ્ર ભારતમાંથી ઉપસ્થિત રહેનાર યુવા મોરચાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૨૫ ઑક્ટોબરના રોજ બપોરે ૨.૦૦ કલાકે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી અમદાવાદ-સાબરમતી ખાતેથી હૈદરાબાદ અધિવેશનમાં જનાર ટ્રેનને લીલી ઝંડી આપશે. આ અધિવેશનમાં ગુજરાતમાંથી વિશેષ બે ટ્રેન દ્વારા ૩૫૦૦થી વધારે અપેક્ષિત કાર્યકર્તાઓ ભાગ લેશે.

ડૉ. ઋત્વિજ પટેલે અંતમાં જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય અધિવેશનમાં વિવિધ વિષયો પર શિર્ષર્થ નેતૃત્વ દ્વારા ચર્ચા કરવામાં આવશે તેમજ વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. સમગ્ર દેશમાં યુવા મોરચા દ્વારા થનાર કામોની પ્રદર્શની યોજાશે. છેલ્લા ૨ વર્ષમાં ગુજરાત યુવા મોરચા દ્વારા કરેલ કામોની ડીજીટલરૂપે પ્રદર્શની યોજવામાં આવશે. આ અધિવેશનમાં ભારતભરમાંથી લાખો યુવા મોરચાના કાર્યકર્તાઓ ભાગ લેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ